**ઇ-મેઇલ દ્વારા**

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૪૯૪/૨૨, તા.૨૯/૦૮/૨૦૨૨

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૨૨/૦૮/૨૦૨૨ થી તા.૨૮/૦૮/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( ડી.ડી.ચૌધરી )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

# છેલ્લા ૨૨ દિવસથી ગુમ પરણિતા (બે સંતાનની માતા) ને શોધી કાઢતી ભાવનગર પોલીસ

૨૨ દિવસ થી ગુમ થયેલ પરણિતા ( બે સંતાનની માતા ) બાબતે બોરતળાવ પો.સ્ટે. ગુમ જાહેરાત નોંધ- ૨૯/૨૦૨૨ થી દાખલ કરેલ તેની તેના મિત્રો/સગાસબંધીઓની આ બાબતે પુછપરછ કરાયેલ , ગુમ થનાર બેન મોબાઇલ ઘરે છોડી ગયેલ હોય તેઓને ટ્રેક કરવામાં મુશકેલ થતા, તેની અલગ અલગ એન્ગલથી તપાસ કરતા આ બેન તેમની સાથે હિરા પોલીસીંગ કામ કરતા અન્ય એક ઇસમ સાથે પ્રેમસબંધ હોય તેની સાથે તેના આવા સબંધોની જાણ તેના પરિવારજનોને થતા આ બંને પોત-પોતાની મરજી સાથે સાથે ગુમ થયેલ અને ફોન બંધ કરીને જયાં ત્યાં ફરતા રહેલ હતા.

આ બાબતે આ ગુમ થનાર બેનના બે સંતાનોએ પોતાનો એક વડીયો બનાવીને તેના મમ્મી ને પરત શોધી લાવવા બાબતે વીડીયો બનાવીને "શોસીયલ મીડીયા " પ્લેટફોર્મ" ઉપર વાયરલ કરેલ. તેના અનુસંધાને જીલ્લા પોલીસ વડા ડો. શ્રી રવીન્દ્ર પટેલ સાહેબ નાઓએ આની ગંભીરતા લઇને તાત્કાલીક આ ગુમ થનારની ભાળ મેળવવા સારૂ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી સફીન હસન સાહેબ નાઓએને અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવા સારૂ સુચના આપી આ તપાસ ઉપર સીધી મોનટરીંગ કરી/કરાવી, બોરતળાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ.શ્રી પી.બી.જાદવ નાઓને સખ્ત સુચના આપી પરિણામ લક્ષી કામગીરી કરવા સુચના ગુમ થનારની " શોસીયલ મીડીયા પ્લેટફોર્મ" બહોળી પ્રસિધ્ધી કરી/કરાવીને તેમજ હર્યુમન સોર્સ અને ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી/કરાવીને આ ગુમ થનારનો પત્તો મેળવીને તેની પુછપરછ કરતા તેની મરજીથી તેના પ્રેમી ઇસમ સાથે મરજીથી નાસી ગયેલ હોવાની હકીકત તપાસમાં ફલિત થયેલ છે. ગુમ થનારન ેતેના બાળકો અને પરિવાર સાથે મિલન કરાવીને પોલીસ પ્રજાનો મિત્ર છે. તેવી પ્રતીતી કરાવતી બોરતળાવ પોલીસ ટીમ

સારી કામગીરી કરનાર ટીમ :- પો.ઇન્સ. શ્રી પી.બી.જાદવ સાહેબ તથા પો.સબ.ઇન્સ. શ્રી એમ.એચ.યાદવ સાહેબ તથા હેડ.કોન્સ. એસ.એસ.બારૈયા તથા હેડ.કોન્સ. અનીરુધ્ધસિંહ ગોહિલ તથા હેડ.કોન્સ. એમ.કે.પરમાર તથા પો.સ્ટાફના માણસોની ટીમ.

